ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

શનિવાર ૭ નવેમ્બર, ૨૦૨૫ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

તહેવારોની સીઝનમાં ધૂતારાઓ લોકોને ઠગી લેવા નીતનવા નુસખા અપનાવે છે

હાલોલમાં સસ્તા ભાવે ડોલર આપવાની લાલચ આપી તાપીના વેપારી સાથે ૬.૫૦ લાખની છેતરપિંડી

પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

શરૂઆતમાં ૧૩,૦૦૦માં ૨૦૦ ડોલર આપી વિશ્વાસ કેળવ્યા બાદ ૬.૫૦ લાખમાં ૧૦,૦૦૦ ડોલર આપવાનું નક્કી થયું હતુ



(પ્રતિનિધી) હાલોલ, તા.6

હાલોલ-વડોદરા બાયપાસ હાઈવે પર આવેલી એસ.જે.જી. કંપનીના ગેટ પાસે સસ્તા ભાવે અમેરિકન ડોલર આપવાની લાલચ આપી ત્રણ અજાણ્યા શખ્સો તાપીના વેપારી પાસેથી ૬.૫૦ લાખ રોકડા ભરેલી થેલી લઈને સ્વિફ્ટ કારમાં ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે હાલોલ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી ગામના સોની વેપારી સુરજભાઈ રજનીકાંત સોનીના મિત્રએ ફેસબુક પર સિક્કા લેવા અંગેની જાહેરાત જોયા બાદ આરોપીઓએ તેમનો સંપર્ક કર્યો હતો. આરોપી આનંદ ગોસ્વામીએ પોતે ગોધરા સ્વામીનારાયણ સંસ્થાના સ્વામીનો ડ્રાઈવર હોવાનું જણાવી સંસ્થાને મળેલા વિદેશી ડોલર ૨૦% સસ્તા ભાવે આપવાની લાલચ આપી હતી. શરૂઆતમાં ૧૩,૦૦૦માં ૨૦૦ ડોલર આપી વિશ્વાસ કેળવ્યા બાદ ૬.૫૦ લાખમાં ૧૦,૦૦૦ ડોલર આપવાનું નક્કી થયું હતું. ગત ૩ નવેમ્બરના રોજ સુરજભાઈ રકમ લઈને હાલોલ પહોંચ્યા ત્યારે આરોપીએ માત્ર એક નોટ બતાવી વાતોમાં પરોવી રાખ્યા હતા અને નજર ચૂકવીને ૬.૫૦ લાખ ભરેલી થેલી લઈ સ્વિફ્ટ કારમાં બેસી સાગરીતો સાથે નાસી છૂટ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

KMCA કોમર્સ કોલેજના પાંચ વિદ્યાર્થીઓ CA Foundation પરીક્ષામાં ઝળકયાં

(પ્રતિનિધી) વડોદરા, તા.6

વડોદરા સ્થિત KMCA કોમર્સ કોલેજના પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પ્રતિષ્ઠિત CA Foundation પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરી કોલેજનું નામ રોશન કર્યું છે. આ તમામ વિદ્યાર્થીઓએ પોતાની મહેનત, લગન, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોના આધારે આ સફળતા પ્રાપ્ત કરી છે. તેમની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે. આ પ્રસંગે કોલેજના ડિરેક્ટર શ્રી ડો. અજય એન. સોની, સૌર્ય પ્રતાપ, ચિંતન શાહ, એમ.એમ. શાહ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. દિલીપ વાગડિયા સહિત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતાં જણાવવામાં આવ્યું હતું

સિંગવડ મામલતદાર કચેરી ખાતે કાર્યક્રમ યોજાશે

૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'ના આયોજન અંગે બેઠક યોજાઈ

કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે તંત્રને તૈયારીઓ પૂર્ણ કરવા સૂચના આપી



(પ્રતિનિધી) સિંગવડ, તા.6

આજરોજ સિંગવડ મામલતદાર કચેરી ખાતે આગામી 15મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ'ના સુચારુ આયોજન માટે બેઠક યોજાઈ હતી.

જેમાં દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ભગવાન બિરસા મુંડાના જન્મોત્સવ અને જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમો અને તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે સાંસદએ આયોજનને લઈને જરૂરી સૂચનો આપ્યા હતા અને કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે તંત્રને તૈયારીઓ પૂર્ણ કરવા સૂચના આપી હતી. બેઠકમાં સિંગવડ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી સિંગવડ તાલુકા પ્રમુખ સિંગવડ તાલુકા ઉપપ્રમુખ સિંગવડ તથા તાલુકા પંચાયત સદસ્યો અને તાલુકા તથા મામલતદાર ઓફિસના કર્મચારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

ગોત્રી હોસ્પિટલમાં ચાર વર્ષની બાળકીની આંખનું જટિલ ઓટો-સ્લેટ ઓપરેશન સફળ

વડોદરાની ગોત્રી જીએમઆરએસ હોસ્પિટલની ગૌરવવંતી સિદ્ધિ, તબીબી ક્ષેત્રે નવો ઈતિહાસ

ચૂનાથી જોખમાયેલી દ્રષ્ટિ, બીજી આંખના સ્ટેમ સેલ્સથી બાળકીની આંખને નવજીવન

(પ્રતિનિધી) વડોદરા, તા.6

ગોત્રી GMERS મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે તબીબી ક્ષેત્રે એક ઐતિહાસિક સફળતા હાંસલ કરવામાં આવી છે. આ હોસ્પિટલના આંખ વિભાગના નિષ્ણાત ડૉ. હિરેન મતાઈ દ્વારા માત્ર ચાર વર્ષની નાની બાળકીની આંખનું અત્યંત જટિલ અને વિશિષ્ટ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે. વડોદરાની સરકારી હોસ્પિટલના ઈતિહાસમાં આ પ્રકારની 'ઓટો-સ્લેટ' સર્જરી થવાની આ પ્રથમ ઘટના છે.

આ ચાર વર્ષની બાળકીને આઠથી નૌ મહિના અગાઉ રમતા રમતા અકસ્માતે આંખમાં ચૂનો ઉડી જવાથી ગંભીર ઈજા થઈ હતી. ચૂનો આંખના અત્યંત નાજુક પેશીઓમાં ઘૂસી જવાથી પથ્થર જેવું સખત સ્વરૂપ ધારણ કરી ગયો હતો, જેના કારણે બાળકીની દ્રષ્ટિ જોખમાઈ હતી. આ ગંભીર કિસ્સામાં ડૉક્ટરોની ટીમે બે તબક્કામાં સારવાર હાથ ધરી હતી. પ્રથમ તબક્કામાં સર્જરી કરીને આંખની અંદર જમા થયેલો તમામ ચૂનો અને ક્ષતિગ્રસ્ત પેશીઓને બહાર કાઢવામાં આવી હતી, જેથી આંખને વધુ નુકસાન અટકે.

ત્યારબાદ બીજા તબક્કામાં ગંભીર ઈજાના પરિણામે બાળકીની આંખની કીકી પર સફેદ ચામડી વધી ગઈ હતી અને આંખનો ડોળો પાંપણ સાથે ચોંટી ગયો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બાળકીની બીજી સ્વસ્થ આંખમાંથી 'લિમ્બલ સ્ટેમ સેલ્સ' મેળવીને ઈજાગ્રસ્ત આંખમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યા, જેને તબીબી ભાષામાં ઓટોલોગસ સિમ્પલ લિમ્બલ એપિથેલિયલ ટ્રાન્સપ્લાન્ટ કહેવામાં આવે છે.

આ સિંહફાળોરૂપ સફળ સર્જરી કોર્નિયા સ્પેશિયાલિસ્ટ ડૉ. હિરેન મતાઈ દ્વારા કરવામાં આવી છે. આ તકે GMERS હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. અનુપ ચંદાણી, ડીન ડૉ. વિશાલા પંડ્યા અને આંખના વિભાગના વડા ડૉ. અશ્વિની સપરે દ્વારા આખી ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ઝાડુની ધૂમ ખરીદીથી વેપારીઓમાં આનંદનો માહોલ

કાલોલના બજારમાં ધનતેરસે ગ્રાહકોની ભીડ જોવા મળી

આગામી નવા વર્ષમાં પણ સારી ઘરાકીની આશા વ્યક્ત કરાઇ



(પ્રતિનિધી) કાલોલ તા.6

દિવાળીના તહેવારોની શરૂઆત થતાં જ કાલોલના સ્થાનિક બજારમાં રોનક પાછી ફરી છે. છેલ્લા કેટલાક દિવસોથી દિવાળી નિમિત્તે ઘરાકી કેવી રહેશે તેને લઈને વેપારીઓમાં અસમંજસ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો હતો. પરંતુ આજે ધનતેરસના પવિત્ર દિવસે કાલોલના મુખ્ય બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ ઉમટી પડતાં વેપારીઓ મુખ પર ખુશી જોવા મળી હતી.

ધનતેરસના શુભ મુહૂર્ત લોકોએ સોના-ચાંદીના દાગીના, સિક્કા તેમજ વાસણોની ઉત્સાહભેર ખરીદી કરી હતી. આ ઉપરાંત, ધાર્મિક માન્યતા મુજબ લક્ષ્મીજીના પ્રતીક સમાન 'ઝાડુ' (સૂપડી/સાફcleanup સાધન) ની ખરીદી પણ વિશેષ પ્રમાણમાં કરવામાં આવી હતી. કાપડ બજારમાં પણ ગ્રાહકોની સારી એવી ચહલપહલ જોવા મળતાં દુકાનદારો અને વેપારીઓનો ઉત્સાહ બેવડાયો હતો. બજારમાં માલસામાનની ખરીદી માટે લોકોની ભીડ જામતાં કાલોલના મુખ્ય માર્ગો પર તહેવારની ખરી રોનક જોવા મળી હતી.

રાજ્યસભા સાંસદની રજૂઆતની સરકારે લીધી નોંધ

પંચમહાલ ડાયેટ ખાતે ડી.એલ.એડ. (પી.ટી.સી.) કોલેજ શરૂ કરવા માંગ

યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે સંબંધિત કચેરીને જાણ કરી દેવામાં આવી



(પ્રતિનિધી) ગોધરા, તા.6

પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે ડી.એલ.એડ. (પી.ટી.સી.) નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમાર દ્વારા કરવામાં આવેલી રજૂઆતની ગુજરાત સરકારે સત્તાવાર રીતે નોંધ લીધી છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની કચેરી, ગાંધીનગરને નિયમાનુસારની કાર્યવાહી કરવા માટેના નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના નાયબ સચિવ કે. પી. પટેલ દ્વારા ડૉ. જશવંતસિંહ પરમારને પાઠવવામાં આવેલા પત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, માનનીય મંત્રીશ્રીને સંબોધીને ગત તારીખ ૦૮/૦૭/૨૦૨૬ના રોજ કરવામાં આવેલી રજૂઆતનો પત્ર વિભાગને મળેલ છે. સરકારશ્રીમાં આ બાબતની સકારાત્મક નોંધ લેવામાં આવી છે અને તે અંગે આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવા માટે સંબંધિત કચેરીને જાણ કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડૉ. જશવંતસિંહ પરમારે ગત ૮ જુલાઈના રોજ રાજ્યના શિક્ષણ મંત્રીને પત્ર લખીને ધ્યાન દોર્યું હતું કે પંચમહાલ જિલ્લામાં હાલમાં એક પણ સરકારી ડી.એલ.એડ. કોલેજ ઉપલબ્ધ નથી. આના પરિણામે આદિવાસી અને નબળા વર્ગના વિદ્યાર્થીઓને ભારે આર્થિક બોજો સહન કરીને અન્ય જિલ્લાઓમાં જવું પડે છે અથવા તો તાલીમથી વંચિત રહી જવું પડે છે.

મુન્દ્રા પોર્ટ પર DRIનું સિક્રેટ ઓપરેશન

૧૮ શંકાસ્પદ કન્ટેનર અટકાવાયાં, કરોડોની વિદેશી સિગારેટ મળી!

મિસ ડિક્લેરેશન કરીને ગુડ્સની આડમાં સિગારેટની દાણચોરીનો પર્દાફાશ

(પ્રતિનિધી) વડોદરા, તા.6

આયાતકાર દ્વારા કસ્ટમ વિભાગ સમક્ષ બિલ ઓફ એન્ટ્રી સહિતના જરૂરી દસ્તાવેજો ફાઈલ કરવામાં આવ્યા હતા. જોકે, આયાત કરવામાં આવનારા માલની વિગતોમાં મિસ ડિક્લેરેશન કરવામાં આવ્યું હોવાની બાતમી DRIને મળી હતી. ગુડ્સની આડમાં વિદેશી સિગારેટનો જથ્થો છુપાવીને લાવવામાં આવી રહ્યો હોવાની આશંકાને પગલે DRIના અધિકારીઓએ તમામ શંકાસ્પદ કન્ટેનરોનું ક્લિયરન્સ અટકાવી તપાસ હાથ ધરી હતી.

કન્ટેનરો ખોલવાની કામગીરી દરમિયાન ત્રણ કન્ટેનરમાંથી સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો હતો. હજુ અન્ય કન્ટેનરોની તપાસ બાકી હોવાથી સિગારેટનો કુલ જથ્થો અને તેની ચોક્કસ કિંમત અંગે તપાસ પૂર્ણ થયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે. આ પ્રકરણમાં આયાતકાર ઉપરાંત કસ્ટમ સમક્ષ દસ્તાવેજો રજૂ કરનાર કસ્ટમ હાઉસ એજન્ટ પણ DRIની તપાસના ઘેરામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.પ્રાથમિક તપાસમાં સિગારેટ અને સોપારીની આયાતની આડમાં દાણચોરી કરતી ગેંગની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિદેશથી લાવવામાં આવેલો સિગારેટનો જથ્થો ગુજરાત ઉપરાંત મુંબઈ અને દિલ્હી સહિતનાં બજારોમાં પહોંચાડવાનો હતો, પરંતુ સપ્લાય થાય તે પહેલાં જ DRIએ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળે છે.

સુરતની કન્સ્ટ્રક્શન સાઇટ પરથી પટકાયો હતો

પંચમહાલના શ્રમિકનું સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

તારીખ ૨૯ ઓક્ટોબરે સુરતમાં બની હતી ઘટનાં, વડોદરાની સન સાઈન હોસ્પિટલ બાદ સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

પંચમહાલ જિલ્લાના મોરવા હડપ તાલુકાના મોજરી ગામના વતની અને પરિવારનું ગુજરાન ચલાવવા સુરત મજૂરીકામ અર્થે ગયેલા ૪૫ વર્ષીય શ્રમિક બારીયા કમલસીંગ વજેસીંગનું કન્સ્ટ્રક્શન સાઇટ પરથી પડી જવાથી સર્જાયેલી ગંભીર દુર્ઘટનામાં સારવાર દરમિયાન વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દુઃખદ અવસાન થયું છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અને મૃતકના પરિવારમાં શોકની કાળી રાત છવાઈ ગઈ છે. ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જાગીરપુરા પાસે કન્સ્ટ્રક્શન સાઇટ પર કામ કરતી વેળાએ અચાનક પડી જવાને કારણે ગંભીર ઈજાઓ પહોંચી. પ્રાથમિક સારવાર બાદ દર્દીને વડોદરાની 'સન સાઈન હોસ્પિટલ'માં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ અને સઘન સારવાર માટે તારીખ ૫ નવેમ્બર ૨૦૨૬ ના રોજ વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં તેમનુ મોત થયુ હતુ

તહેવારોના માહોલમાં કર્મચારીઓ ખડેપગે

નાગરિકોને સ્વાસ્થ્ય સેવાઓ મળતી રહે તે માટે વડોદરા મનપાની તૈયારીઓ

તા. ૮ થી ૧૧ નવેમ્બર દરમિયાન જાહેર રજાઓમાં પણ વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

આગામી દીવાળીના તહેવારોની જાહેર રજાઓ દરમિયાન વડોદરા શહેરના નાગરિકોને સ્વાસ્થ્ય બાબતે કોઈ મુશ્કેલી ન પડે તે માટે વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોની રજાઓ હોવા છતાં શહેરીજનો માટે વૈકલ્પિક વ્યવસ્થા અંતર્ગત આરોગ્ય કેન્દ્રો શરૂ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૦૮/૧૧/૨૦૨૬ થી તા. ૧૧/૧૧/૨૦૨૬ સુધી જાહેર રજાઓ આવે છે. સામાન્ય વહીવટી વિભાગના પરિપત્રને ધ્યાનમાં રાખીને અર્બન કૉમ્યુનીટી હેલ્થ સેન્ટર્સ ખાતે ૨૪ કલાક તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ ઉપરાંત, અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર્સ અને આયુષ્યમાન આરોગ્ય મંદિરો ખાતે તા. ૦૯/૧૧/૨૦૨૬ (સોમવાર) અને તા. ૧૧/૧૧/૨૦૨૬ (બુધવાર) ના રોજ ઓ.પી.ડી. અડધો દિવસ કાર્યરત રહેશે. તહેવારોની રજાઓ પૂર્ણ થતાં તા. ૧૨/૧૧/૨૦૨૬ ને ગુરુવારથી તમામ આરોગ્યલક્ષી સેવાઓ ફરીથી રાબેતા મુજબ પૂર્વવત શરૂ થઈ જશે. તહેવારો દરમિયાન કોઈપણ આકસ્મિક સંજોગો કે ઈમરજન્સી ઊભી થાય તેને પહોંચી વળવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઝોન કક્ષાએ તેમજ અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર કક્ષાએ ખાસ ક્વિક રિસ્પોન્સ ટીમની રચના પણ કરવામાં આવી છે, જેથી નાગરિકોને ત્વરિત સારવાર મળી રહે. વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને તહેવારોમાં સ્વાસ્થ્ય જાળવવા અને જરૂર પડ્યે વૈકલ્પિક સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શ્રી વલ્લભાચાર્ય કોલેજ ઓફ સોશિયલ વર્ક, હાલોલ દ્વારા આયોજન

'ખુશીઓની દિવાળી' અભિયાનનું હૃદયસ્પર્શી આયોજન



(પ્રતિનિધી) હાલોલ, તા.6

શ્રી નારાયણ ધામની જૂની તાજપુરા અને નવી તાજપુરા પ્રાથમિક શાળાઓના જરૂરિયાતમંદ બાળકો તથા પરિવારો સાથે દિવાળીની ખુશીઓ વહેંચવાના ઉમદા હેતુથી યોજાયેલા આ અભિયાનમાં બાળકોને દિવાળી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કિટમાં ફુલસ્કેપ નોટબુક, પેન, વિવિધ ઉપયોગી વસ્તુઓ તથા શૈક્ષણિક અને જીવનજરૂરી સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞમાં શ્રી દુર્ગા મહિલા વિકાસ મંડળ દ્વારા પણ ઉત્સાહભેર સહભાગી બની જરૂરિયાતમંદ બાળકો અને પરિવારોને સાડીઓ, ફુલસ્કેપ નોટબુક, પેન તથા અન્ય જરૂરી સામગ્રીનું યોગદાન આપવામાં આવ્યું હતું. સંસ્થાઓના આ સહયોગથી દિવાળીની ખુશીઓ અનેક પરિવારો સુધી પહોંચી હતી. બાળકોના નિર્દોષ ચહેરા પર ખીલેલું સ્મિત, તેમની આંખોમાં ઝળહળતો આનંદ અને ઉત્સાહભર્યું વાતાવરણ સમગ્ર કાર્યક્રમને એક અનોખી દિવ્યતા આપી રહ્યું છે. બાળકો માટે આ દિવાળી માત્ર ભેટો મેળવવાનો પ્રસંગ નહીં, પરંતુ સ્નેહ, આત્મીયતા અને સામાજિક સ્વીકારનો યાદગાર અનુભવ બની રહી. 'વોકમેન ઓફ ઇન્ડિયા' ડૉ. રાજુ એમ. ઠક્કરે આ પહેલને હૃદયપૂર્વક બિરદાવતાં જણાવ્યું હતું કે "દિવાળીની સાચી ઉજવણી ત્યારે થાય છે, જ્યારે આપણા આનંદમાં સમાજના દરેક વર્ગનો સહભાગ હોય. જરૂરિયાતમંદ બાળકોના ચહેરા પર સ્મિત લાવવું એ ઈશ્વરની સાચી સેવા છે. શ્રી વલ્લભાચાર્ય કોલેજ ઓફ સોશિયલ વર્કની આ પહેલ માત્ર ભેટ વિતરણ નથી, પરંતુ સામાજિક સંવેદના, સહયોગ અને માનવતાના મૂલ્યોનું જીવંત પ્રતીક છે. આચાર્યશ્રી જગદીશભાઈ બારિઆ, પ્રો. રાધા અજયકુમાર ત્રિવેદી અને સમગ્ર ટીમનું આ ઉત્સવમય સેવાકાર્ય ખરેખર પ્રશંસનીય છે.

આવા પ્રયાસો સમાજમાં પ્રેમ, સમાનતા અને સહભાગિતાના દીપ પ્રગટાવે છે." કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ જેનુલ હાફિઝ અને ચિરાગ પટેલ, કોલેજના આચાર્ય જગદીશભાઈ બારિઆ, એકેડેમિક હેડ રાધા અજયકુમાર ત્રિવેદી, પ્રાધ્યાપકો પ્રિયંકા રાઠવા અને નીલ પટેલ તથા કોલેજના કર્મચારીઓ ખુશ્બુબેન અને હેમાંગભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. રાધા અજયકુમાર ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોના ચહેરા પર છલકાતો આનંદ અને ખુશીઓ જોઈ ઉપસ્થિત સૌએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. સહભાગીઓએ આ અનોખી અને સંવેદનાસભર દિવાળી ઉજવણીને જીવનનો પ્રથમ અને યાદગાર અનુભવ ગણાવી પહેલની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી.

જિલ્લા પોલીસનુ સુત્ર "સાવચેતી એ જ સુરક્ષા"

દિવાળીના તહેવારોમાં સલામતી અને સાવચેતી જાળવવા દાહોદ જિલ્લા વહીવટી તંત્રની અપીલ



(પ્રતિનિધી) દાહોદ, તા.6

આગામી દિવાળીના પાવન તહેવારો દરમિયાન નાગરિકો આનંદ અને ઉલ્લાસ સાથે સલામત રીતે ઉજવણી કરી શકે તે માટે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ લોકજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તહેવારની ઉજવણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો સુરક્ષિત રહે તે હેતુસર કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી દ્વારા દિવાળી સુરક્ષા અંગેના મહત્ત્વપૂર્ણ 'કરો અને ના કરો' (Do's and Don'ts) ના સૂચનો જાહેર કરવામાં આવ્યા છે.

દિવાળીના તહેવાર ટાણે ફટાકડા ફોડતી વખતે અને દીવા-મીણબત્તી પ્રગટાવતી વખતે નાગરિકોએ પૂરતી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. યોગ્ય પોશાકઃ ફટાકડા ફોડતી વખતે હંમેશા ફૂટવેર (ચંપલ/બૂટ) પહેરો અને ક્યારેય હાથમાં ફટાકડા રાખીને ફોડશો નહીં. સુરક્ષિત સાધનઃ ફટાકડા ફોડવા માટે સ્પાર્કલર (તારામંડળ) અથવા અગરબત્તીનો ઉપયોગ કરો. દીવા કે મીણબત્તીની આસપાસ ફટાકડા ખુલ્લા ન છોડો. ઈમરજન્સી વ્યવસ્થાઃ આગ કે અકસ્માત જેવી કટોકટીની સ્થિતિ માટે ઘર આંગણે પાણી અને રેતી ભરેલી ડોલ અગાઉથી જ પાસે રાખો. બાળકોની સુરક્ષાઃ ફટાકડા હંમેશા વડીલોની હાજરી અને દેખરેખ હેઠળ જ ફોડો. ફટાકડામાં વિલંબઃ જો કોઈ ફટાકડું ફૂટવામાં સમય લેતું હોય પડતો મૂકી દેવો.